સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

'પ્રેમ' અહીં ભેટની 'કિંમત' થી અંકાય છે,
નમ્ર, સદ્‌ગુણી ને ગરીબ પ્રેમી ફેંકાય છે.
પંકાય પાંચમાં બાપ-કમાઈના નબીરા -
અમીરીની ચાદર નીચે પ્રેમ ઢંકાય છે

હાઈકુ

વંચાય કાર્ડ !
વાંચતું નથી કોઈ -
આંખ કે હૃદય !?
(મોંઘા કાર્ડનો મહિમા)

વાંચી ન શકે !
ચ્હેરાના હાવભાવ -
અજ્ઞાની પ્રેમી...
(ઉપરછલો ઉભરો)

ચિંતન

આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ । બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥ ઈન્દ્રાયાણિ હયાનાહુર્વિષયાંસ્તેષુ ગોચરાન । આત્મેન્દ્રિયમનોયુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ ॥

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

અંતરાત્મા જીવનરથનો સ્વામી છે, શરીર રથ છે, બુદ્ધિ સારથિ છે. મન લગામ છે, ઈન્દ્રિયો ઘોડા છે, વિષયો ઘોડાઓને વિચારવાનો માર્ગ છે, અને શરીર, ઈન્દ્રિયો અને મનની સાથે રહેનાર આત્મા જીવાત્મા ગણાય છે. તે જ ભોક્તા છે.

આમ અહીં મનને ઘોડાઓની લગામ ગણેલ છે, પરંતુ રથનો સ્વામી તો આત્મા છે. મન તો આત્માનું શરીરની જેમ એક સાધન છે.

અહંયુક્ત મનોમય ચેતનાના સંચાલનમાંથી મુક્ત થઈને આત્મતત્ત્વ જીવનનું કેન્દ્રસ્થ અને સર્વોપરિ સંચાલક તત્ત્વ જ બને જ્યારે વ્યક્તિ 'અહં' માંથી મુક્ત બની ને આત્મસ્થ બને. આ જ તો અધ્યાત્મયાત્રાનું ધ્યેય છે. આ જ તો અધ્યાત્મપથનું પ્રાપ્તવ્ય છે.

સુવિચાર

- રાજપુત પાસેથી વિનય, પંડિત પાસેથી સુભાષિત, જુગારી પાસેથી અસત્ય, સ્ત્રી પાસેથી છલ શીખવા જોઈએ - **ચાણક્ય**
- સત્ય મારી માતા છે, જ્ઞાન પિતા છે, ધર્મ ભાઈ છે, દયા બહેન છે, શાંતિ પત્ની છે, ક્ષમા પુત્ર છે, આ છ સદગુણ મારા સ્વજનો છે એમ જ્ઞાની માને છે - **અષ્ટાવક્ર**
- જન્મથી અંધ, કામથી અંધ, મદથી અંધ, સ્વાર્થથી અંધ હોય એ પોતાના દોષ જોઈ શકતો નથી - **ભીખુદાન ગઢવી**
- દયાહીન ધર્મનો, વિદ્યાહીન ગુરુનો, ક્રોધવાળી પત્નીનો અને સ્નેહ વગરના બાધવોનો ત્યાગ કરવો - **મુંબઈ સમાચાર**
- ધન મેળવવાની ઈચ્છા એ વ્યસન ગણાતું નથી - **કૌટિલ્ય**
- જયાં સુધી શત્રુના છિદ્રો પકડાય નહીં ત્યાં સુધી તેને હાથ પર રાખવો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કૌચ બીજ અને ગોખરું સરખા ભાગે લઈ તેનું ચૂર્ણ એક ચમચી સાથે એટલી જ સાકર સાથે લઈ દૂધ સાથે લેવાથી સ્ફૂર્તિ વધે છે અને નબળાઈ દૂર થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ઐશ્વર્ય અને અહંકાર સાથે સંતનો મેળાપ શક્ય નથી. સુફી સંત મિયાં મીરને મળવા રાજા આવ્યા. મીરની ઝૂંપડીની બહાર એક સ્વક ઊભો હતો. રાજાએ હુકમ કરતા સેવકને કહ્યું, 'અમે મીર સાહેબને મળવા આવ્યા છીએ. અંદર જઈ ખબર આપો કે ખુદ રાજા તમારા દર્શન માટે પધાર્યા છે.' સેવક અંદર પૂછવા ગયો ત્યારે મીરે પૂછ્યું, 'બાદશાહ કઈ રીતે આવ્યા છે? એમની સાથે કોઈ છે ખરું ?' સેવકે કહ્યું, 'બાદશાહ તો લાવ-લશ્કર સહિત આવ્યા છે. તેમની પાસે હીરા, મોતી, સોના-ચાંદી પણ હોય તેવું લાગે છે. જે આપને ભેદ ધરવા મટે હશે તેવું અનુમાન છે.' મીયાં મીરે કહ્યું, 'એમને કહી દો કે એ પાછા જાય મારી પાસે મળવાનો સમય નથી.' સેવકે સંદેશો બાદશાહને આપ્યો. બાદશાહ પાછો ફરી ગયો પરંતુ તે રાજમહેલમાં જવાની જગ્યાએ સઘળું ત્યાગીને ફકીર બનીને આજ જંગલમાં રહેવા લાગ્યો. થોડા સમય બાદ ફરીવાર મીયાં મીરને મળવા ગયો અને સેવકને કહ્યું, 'મીયા મીરને કહો એમને મળવા માટે જેણે સર્વસ્વ ત્યાગ્યું છે એ એવો ફકીર આવ્યો છે. મીયાં મીરે જવાબ વાળ્યો. હની તેઓ મળી શકશે નહીં. જો મળવું હોય તો રાવિ નદીના કિનારે રહેતા એક વૈરાગી બાબાની બે વર્ષ સેવા કરે પછી જ મીરને મળવા આવવું.' બે વર્ષ રાતદિવસ જોયા વગર વૈરાગી બાબાની સેવા કરી પછી વૈરાગી બાબાએ સામેથી કહ્યું, 'હવે તમને મીરા મીર ખુદ મળવા બોલાવે છે.' બાદશાહની મિયાં મીર જોડે મુલાકાત થઈ ત્યારે બાદશાહે પૂછ્યું, 'તમે મને બે વાર મળ્યા વિના પાછા જવાનું કહ્યું તેનું કારણ શું ?' મીયાં મીરે કહ્યું, 'પહેલીવાર તમે બાદશાહી વૈભવ સાથે લઈને આવ્યા હતા. અને બીજીવાર આવ્યા ત્યારે બાદશાહી વૈભવ ન હતો પણ એક અહંકાર તમારા ચિત્તમાં જરૂર હતો.' એ બંને તમે છોડી દીધાં એટલે મેં તમને સામેથી મળવા બોલાવી લીધા.

પ્રેમ તત્ત્વની સાચી સમજણ કેળવીએ

તંત્રીસ્થાનેથી...

સંત વેલેન્ટાઈનની સ્મૃતિમાં ઊજવાતો પ્રેમ દિવસ એ સાચા અર્થમાં આધ્યાત્મિક પર્વ ગણાવવું જોઈએ. બે હૈયાં એકમેકને ઝંખે, એકબીજા પર સર્વસ્વ ઓવારી દે એથી મોટી મંગલમય ઘટના બીજી કઈ હોઈ શકે ? આવી ઘટનાનો મહિમા હોઈ ખ્રિસ્તી પાદરીએ કર્યો અને તત્કાલીન ધર્મધુરંધરો અને સત્તાધીશોની ખફગીનો ભોગ બન્યો. પ્રેમ હંમેશા બલિદાન માગે છે. એમાં પરસ્પર પ્રત્યેનું સમર્પણ તો હોય જ છે પરંતુ અંતે તો એ પરમ ચેતનાનો જ આર્વિભાવ બની રહે છે. વેલેન્ટાઈન ડે ની રૂઢ થઈ ગયેલી ઊજવણી યુરોપની સરહદો ઓળંગી વિશ્વ આખામાં વિસ્તરી છે. એમાં સંસ્કૃતિ સંદર્ભને સાંકળી આપણા કેટલાક સાધુસંતો વાંધાવચકા પણ કાઢતા રહ્યા છે. સંત આસારામ વેલેન્ટાઈન ડે ને માતૃ-પિતૃ વંદના દિન તરીકે ઊજવવાનો ઉપદેશ આપતા રહ્યા છે. માતાપિતાનો આદર કરવો જ જોઈએ પરંતુ બે યુવાન હૈયાં પરસ્પર પ્રત્યે આકર્ષણ અનુભવી ગુલાબની આપલે કરે કે મોજ મસ્તી માણે તો એમાં વડીલો જે મર્યાદા અને રૂઢિચુસ્ત વાતાવરણમાં ઊછર્યા હતા એ જમાતો તો કયારનોય પૂરો થયો. જૂની રંગભૂમિ અને સરસ્વતીચંદ્ર જેવી જૂની નવલકથાઓ કે જૂની ફિલ્મોમાં રજૂઆત પામેલી પ્રણય વિભાવના એ જ સ્વરુપે ટકી રહે એવી અપેક્ષા જ વધારે પડતી ગણાય. સમય સાથે બધું બદલાતું રહે છે એમ પ્રેમની ગોપનીય અભિવ્યક્તિ પણ શયનખંડ ઓળંગીને ખુલ્લા મેદાનમાં આવી શકે તે સ્વીકારવું જ રહ્યું. સુરુચિભંગ ન થાય એટલી મર્યાદા જળવાય તોય ઘણું. પ્રેમ કરવાની ઉંમરમાં પણ કાલાન્તરે કેટલો ફરક પડી ગયો છે ! અગાઉ બાળલગ્નો થતાં; સોળ અને સત્તર વર્ષની તરુણી માટે સ્વીટ સિક્સ્ટીન અને સ્વીટ સેવન્ટીન જેવી મસમતીભરી મજાક પ્રચલિત હતી. આજે એ વયની બાળાઓ સેકંડરીની બોર્ડની પરિક્ષાની વૈતરણી પાર કરવામાં એવી ખૂંપેલી રહે છે કે આવી કોઈ કોમેન્ટની નથી તો એમને અપેક્ષા રહેતી કે નથી એવી કોમેન્ટ કરવાની એ વયના જુવાનિયાઓને ફુરસદ. કરિયર નામની વાઘણે કે ડાકણે આ પ્રેમ નામના ससલાનો શિકાર કરી દીધો છે. આથી જે નવી પેઢી ઊછરી રહી છે એ નરી કરિયરલક્ષી અને સુવિધાલક્ષી બની રહેવાનો ભય છે. એને જીવનની સાચી અને તાજી સુગંધ માણવા કે જાણવાનો સમય જ કયાં મળે છે ? એટલે વરસના વચલા દહાડે કોઈ વેલેન્ટાઈન ડે જેવા પ્રસંગે એની મૂર્છિત ઊર્મિઓનો ઉછાળો આવતો વરતાય તો એને આપણે શુભ સંકેત જ ગણવો. આખરે આપણે યુવા પેઢીને અકાળે વૃદ્ધ કે પરિપક્વ બનાવીને જીવનની મજા જ મારી નાખીશું કે બીજું કાંઈ ? ભારતમાં તો આદિકાળથી પ્રેમ અને પ્રણયનો મહિમા રહ્યો છે. કિશોર વયના રામઉદ્યાનમાં પાર્વતીપૂજા માટે ફૂલો વીણવા આવેલી કિશોરી સીતા પર મુગ્ધ થાય છે. બેઉ એકમેકને તીચ્છી નજરે જુએ છે. ફૂલ ભલે દેવીનાં ચરણોમાં ચઢાવાયાં હોય પણ કિશોરી સીતા - જનક તનયાનું હૃદય ફૂલ તો પેલા શ્યામ સલોણા રાજકુમારના ચરણે જ ચઢાવાઈ ગયું. શું આપણે આ વિશુદ્ધ પ્રણવ ભાવનાનો અનાદર કરી શકીશું ? રાધાને વૃંદાવનની કુંજ ગલીમાં ખેંચી જઈ ગોપીઓના મહારાસ વચ્ચેથી અલોપ થઈ ગયેલા કહાનકુંવરને આપણે સુગાળવી નજરે જોઈ અનાદર ન કરી શકતા હોઈએ તો આપણાં જ તરુણ વયના દીકરા દીકરીને એકમેકની આંખમાં આંખ પરોવી સસ્મિત વદને 'યુ આર માય વેલેન્ટાઈન' કહેતાં જોઈ - સાંભળી ચિડાઈ જઈએ તે કેટલું વાજબી લેખાશે ? લેટ ધેમ એન્જોય યાર ! હેપી વેલેન્ટાઈન ડે !

થોડાં શણમાંની સોબત રાખું છું, જતું કરી જીવતરની ઈજ્જત રાખું છું

લાગણીનો મેળો

રસિક વાળંદ

થોડાં શણમાંની સોબત રાખું છું.
જતું કરી જીવતરની ઈજ્જત રાખું છું.

●●●

પૂર ઝડપે દોડી રહેલી મોટર બાઈક પાછળ એક વાક્ય લખેલું હતું; 'કિસે અપના કહું ?' સાચે જ 'કોને પોતીકા કહેવા' એ એક મુંઝવતો સવાલ છે. વ્યક્તિ પોતીકાં સ્વજનોથી જેટલો હેરાન થયો છે એટલો પારકાંથી થયો નથી.

આજના બુદ્ધિવાદી અને તાર્કિક જમાનાએ સંવેદનાનો શૂન્યાવકાશ સર્જ્યો છે. ભાઈઓ-ભાઈઓ વચ્ચે બાપે માર્યા વેર બંધાઈ જાય. અરે, ઘરમાંય વાત વાતમાં વાંકુ પડી જાય... કયારેક તથ્યહીન વાતને અવળો વળ ચડી જાય ને વર્ષોનો સંબંધ ધોવાઈ જાય... ચોવીસ કલાક ભેગા બેસનારાઓ વચ્ચે નજીવી વાત થકી જોજનો છેટું થઈ જાય...

દોસ્તો, મા-બાપ, ગામ, પરિવાર, પતિ-પત્ની, સંતાન, સ્વજનો આ સઘળું માગ્યા મુજબ મળ્યા નથી. ઈશ્વર દત્ત છે. આપણી પસંદગી મુજબ મળ્યા નથી... મળ્યા તો મા-બાપ, મળ્યો તે પરિવાર. જે કંઈ પ્રાપ્ત થયું છે તે ઋણાનુબંધ થકી મળ્યું છે. આખરે તો આ મનુષ્ય અવતાર અન્યોન્યનું ઋણ ફેડવા મળ્યો છે. ઋણ ફેડવું અને ભાવનાત્મક થવું એ એક ઈષ્ટકર્મ છે.

પરમાર્થ માટે જ મનુષ્ય જન્મ સાંપડ્યો છે. પરંતુ માટે જ મનુષ્ય જન્મ સાંપડ્યો છે પરંતુ કમનસીબી એ છે કે માણસ 'અર્થ' (ધન) ને 'પરમ' માની જીવી રહ્યો છે.

'મળ્યું છે અમૂલું આ, માનવજીવન...
ગીતા કહે છે ગોવિંદની...'

અમૂલ્ય એવો મનખા અવતાર એકબીજાને ગમતાં થવા મળ્યો છે, પરંતુ કરુણતા એ છે કે 'વ્હાલાં' થવાને બદલે 'વેરી' બનીએ છીએ. સ્નેહના ઊંજણના અભાવે પરિવારોમાં ઘર્ષણનો કકળાટ સંભળાય છે.

આપણે પંખીઓ પાસેથી પણ કશું જ શીખતા નથી. ચકલો અને ચકલી પોતાના ગમતા તણખલાં શોધી લાવીને મનગમતો માળો રહે છે. આપણે હુંસાતુંસીમાંથી ઊંચા આવતા નથી... વૈચારિક કજોડાપણું તો રહેવાનું જ...સમજદારી અને જવાબદારી દાખવી જીવવામાં જ ખરી ખાનદાની છે.

મિત્રો, અમેરિકાના પ્રમુક અબ્રાહ્મ લિંકનની પત્ની મેરી લિંકનથી તદ્દન ભિન્ન સ્વભાવની હતી. લિંકન સ્વાવલંબી, સંતોષી, પરગજુ અને નિઃસ્વાર્થ હતા. જયારે મેરી એમનાથી તદ્દન સામા છેડાનો સ્વભાવ ધરાવતા હતા. ઉદાર લિંકન ફંડફાળો ઉઘરાવનારને કયારેક ખાલી હાથે જવા દેતા નહીં. અને મેરીથી આ સહેજેય સહન થતું નહીં. મેરી વારંવાર ખૂબ ગુસ્સે થતી કયારેક લિંકન એટલો બધો ત્રાસ અનુભવતા કે તેઓ ઘરની બહાર નીકળીને ઓફિસમાં જઈને બેસી રહેતા, આમ છતાં લિંકને કયારેક કોઈની સામે એમના દાંપત્યજીવન અંગે ફરિયાદ કરી નથી. એ બધું મૂંગે મોંઢે સહન કરતા રહ્યા અને પોતાના સિદ્ધાંતમાં અડગ રહીને ધ્યેય સિદ્ધિ માર્ગે પુરુષાર્થ કરતા રહ્યા.

પ્રાપ્ત પરિસ્થિતિથી અકળાવાને બદલે આનંદભેર સ્વીકાર કરવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ. જિંદગી ઈશ્વરે આપેલું સંપેતરું છે. એને સવાયું કરી. વાંધા વચકા છોડી ભળથા અને ભાવતા થઈએ. ઘર આંગણે પ્રાતઃકાળે ખીલતાં પુષ્પો આપણને ટકોરે છે, 'ખીલતાં અને ખુલતા શીખો.' ઈશ્વર નિર્મિત પ્રત્યેક વસ્તુ શ્રેષ્ઠ અને અનન્ય છે. સર્વનો સ્વીકાર કરીએ. ઈશ્વરની યોજના અપરંપાર છે. આપણે પણ ઈશ્વરીય યોજનાના એક ભાગ છીએ. આપણે આપણા માનનીય કર્મો થકી એક અને અનન્ય બનીએ, શ્રેષ્ઠ બનીએ એમાં જ માનવ્યની શોભા છે !!!

સ્પર્શમણિ :

● અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે... પણ સંજોગોને અનુકૂળ બનાવીને જીવતો માણસ પરમ સુખી છે.

●●●

આખી દુનિયા ફરીને
માણસ ઘરે આવે
એટલે એનો આખો થાક
ઊતરી જાય સાહેબ... પણ
જે માણસ ઘરમાં થાકે ને એનો થાક
આખીય દુનિયામાં ક્યાંક ના ઉતરે.

●●●

માણસ પાસે જયારે બહુ રૂપિયો થઈ જાય ત્યારે...
માણસ બહુરૂપિયો થઈ જાય છે.

●●●

સાવ ડફોળના દાખલા સાચા પડે અને ભલભલા બુદ્ધિશાળીના ગણિત ખોટા પડે એનું નામ 'જિંદગી'

-
rasikvaland1965@gmail.com
Mo. 9913426949

તંદુરસ્ત સમાજ, પવિત્ર-સ્પષ્ટ અને વફાદારી ભર્યા પ્રેમના પાયા પર જ રચાઇ શકે છે

અબીલ-ગુલાલ

મમતા રાવલ

આજે વેલેન્ટાઈન્સ ડે...પ્રેમના સંદેશાની આપ-લે નો દિવસ...પ્રેમને પોંખવાનો દિવસ...આપણા લોકો માટે આ વેલેન્ટાઈન નામ શરૂઆતના વર્ષોમાં જરા નવું લાગ્યું પણ, એની સાથે પ્રેમની વાત જોડાયેલી છે એ જાણીને આપણે એને સરસ રીતે અપનાવી લીધું...

ત્રીજી શતાબ્દીના ઈ.સ.૨૬૯ માં રોમના રાજાએ લગ્ન પર પ્રતિબંધ મુકતાં, સંત વેલેન્ટાઈન્સે એના વિરોધ કર્યો અને લગ્ન કરવા ઈચ્છુક યુગલોને ખાનગી રાહે મદદ કરતાં રહ્યા, તેઓ આમ કરતાં પકડાઈ ગયા ત્યારે લોકોનું ખૂબ સમર્થન

પ્રેમની વ્યાખ્યા કરવી ખૂબ અઘરી છે...' સ્વ' માંથી બહાર નીકળી બીજાનો વિચાર એ પ્રેમ છે, નાજુકાઇ ભરેલી કાળજી થકી પ્રેમ પલ્લવિત થાય છે ' પ્રેમ એ 'આપવા'ની ઘટના છે. ' પામવા 'ની ઇચ્છાને એમાં સ્થાન નથી..

એમની સાથે હતું છતાં તેમને કોઈ મળી શકતું નહીં...એ દિવસોમાં જેલરની નેત્રહીન દિકરી જેકોબસે એમના આ કપરા સમયમાં ખૂબ સધિયારો આપ્યો. વેલેન્ટાઈન્સે પોતાના મૃત્યુદંડના દિવસ ૧૪મી ફેબ્રુઆરીએ જેકોબસને નેત્રદાન કર્યું અને પત્ર લખ્યો જેના અંતમાં લખ્યું કે " Thank you fro the friendship & loyalty "... love from your valentine... આ પછી આ દિવસને પ્રેમ દિવસ તરીકે મનાવવાની પરંપરા શરૂ થઈ...હવે એ આખી દુનિયામાં ખૂબ ભાવપૂર્વક મનાવવામાં આવે છે. કેટલાક દેશોમાં આખો મહિનો આ ઉજવણી ચાલે છે. કેટલીક જગ્યાએ અઠવાડિયા સુધી આ માહોલ છવાયેલો હોય છે. આપણા દેશમાં પણ આ દિવસની ઉજવણી માટે ખૂબ ઉત્સાહ વર્તાય છે. કેમ ન હોય ! હોવો જ જોઈએ ને...

જયારથી આ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી ત્યારથી...યુગોથી...જે ભાવ હવા સાથે વાતાવરણમાં મિશ્રિત થઈને દરેક જીવ શ્વાસમાં ભરે છે એ છે પ્રેમની લાગણી. ઓકિસજન જેટલો જ અસ્તિત્વ માટે - જીવન માટે જરૂરી આ પ્રેમ પ્રત્યેક જીવની જરૂરિયાત છે. કોઈ પણ દેશ-રાજ્ય કે વ્યક્તિ માટે ' પ્રેમ ' એ પ્રેમ જ છે. એને અનુભવવા કે વ્યક્ત કરવા કોઈ ભાષાનો આધાર જરૂરી નથી. કેવી સુંદર દેણ છે આ ભગવાનની...નિરાકાર-નિર્મળ-નિશ્ચચલ આ પ્રેમ પ્રભુનો પર્યાય છે. પ્રેમ માણસને ભીનાશ અર્પે છે...માણસને માણસ બનાવનાર આ ભાવને શત્-શત્ વંદન...

પ્રેમના નિર્ગુણ-અવિનાશી સ્વરૂપને શબ્દોમાં કંડારવું અઘરું છે...અનુભૂતિનો વિષય એવો આ પ્રેમ સાહિત્યકારો, ફિલ્મકાર, નાટ્યકાર, સંગીતકાર...પ્રત્યેક કલાકારનો માનીતો વિષય રહ્યો છે. પ્રત્યેક કલાના માધ્યમથી શતાબ્દીઓથી પ્રેમની અનન્યતા અને સ્વરૂપો દર્શાવાઈ રહ્યા છે. છતાં પણ દરેક કૃતિમાં એટલો જ નવો, એટલો જ જીવંત અને એટલો જ પોતાનો લાગે એવો કદાચ ભાવ જગતનો આ એક માત્ર ભાવ છે. માનવ મનનું રસાયણ આ ' પ્રેમ ' ભલભલી તકલીફમાં બળ આપનાર જીવનામૃત છે. કોઈ કહે કે મારે માટે એ આવશ્યક નથી ત્યારે એ ચોક્કસ પોતાની જાતને છેતરી રહ્યો છે. પ્રેમ સત્ય સ્વરૂપ છે. નિત્ય છે...અવિચળ છે...

પ્રેમના અનેક સ્વરૂપના ઉદાહરણ આપણે જોઈએ છીએ...પશુપ્રેમી રૂબીન ડેવીડ, વૃક્ષપ્રેમી સુંદરલાલ બહુગુણા, દીનદુખિયાના પ્રેમી મધરટેરેસા જેવા કેટલાય લોકો નિઃસ્વાર્થ પ્રેમના ઉત્તમ ઉદાહરણો છે. પ્રેમ એટલે શું ? એની વ્યાખ્યા કરવી ખૂબ અઘરી છે...પ્રેમ વિવિધ આયામો અને પરિમાણો ધરાવે છે. ' સ્વ ' માંથી બહાર નીકળી બીજાનો વિચાર એ પ્રેમ છે નાજુકાઈ ભરેલી કાળજી થકી પ્રેમ પલ્લવિત થાય છે. પ્રેમ એ 'આપવા'ની ઘટના છે. 'પામવા' ની ઈચ્છાને એમાં સ્થાન નથી...પરંતુ હવે 'પામવા' ની અપેક્ષા વિના માત્ર 'આપવું' એ બુધ્ધિગામી મનષ્ય માટે કપરું છે...વર્ષોની સાથે-સાથે પ્રેમના સ્વરૂપ-ભાષા અને એની લેવડ-દેવડના માધ્યમો બદલાતાં ચાલ્યાં છે. જે વાત માત્ર આંખોથી કહેવાતી એનું સ્થાન ફુલ,કાર્ડ અને મોંઘી ગીફટો એ લીધું છે વાતાવરણની જેમ પ્રેમમાં પણ પ્રદૂષણ પ્રસર્યાનો ભાસ થાય છે. આમ તો પ્રેમની વ્યાખ્યા અને અનુભૂતિ સમયાંતરે બદલાતી રહી છે. દરેક પેઢી પાસે પોતાના વિચાર અને નીતિ આ બાબતે અલગ જ રહ્યા છે. છતાં પણ એ વાત સનાતન સત્ય છે કે દરેકને સાચા પ્રેમની તલાશ છે. આ તલાશને બદલે પોતે સ્ત્રોત્ર બનવાની ઈચ્છા ધરાવનારાની આજે ખોટ વર્તાય છે. 'પામવા' ની પ્રબળ ઈચ્છા હોનારતો-દુર્ઘટનાઓ જન્માવે છે. એસીડ ફેકવું, જાનથી મારી નાંખવું જેવી અનેક વિકૃતિને પ્રેમ પ્રેરીત કૃત્યમાં ખપાવવું બિલકુલ યોગ્ય નથી.

પ્રેમની સમજ આપતાં જે. કૃષ્ણમૂર્તિ કડક શબ્દોમાં કહે છે કે પ્રેમના આંચળા હેઠળ મૂળમાં તો સલામતીની અપેક્ષા, સુખની આકાંક્ષા, વાસના કે અહમ્ પૂર્તિ રહેલા છે. પ્રેમ ખૂબ વ્યકિતગત, ઇન્દ્રિયજન્ય અને સંકુચિત થઈ ગયો છે. અત્યારે જેને પ્રેમ કહીએ છીએ તેમાં હરિફાઈ, ઈર્ષા, વાસના, પકડવાની કે નિયંત્રિત કરવાની વૃતિ, માલિકી ભાવ વધુ હાવી છે. સાચો પ્રેમ આ બધાથી પર છે. પવિત્ર છે...સુંદર છે... અસ્પૃશ્ય છે. પ્રેમમાં સ્વીકાર છે...અહોભાવ છે...ગીત છે...નૃત્ય છે...પ્રેમ જીવંત છે...વિકૃતિઓને અલગ કરવાની ક્ષમતા એનામાં છે. અંગ્રેજીમાં Fall in love, એટલે કે સાચા અર્થમાં પ્રેમમાં પડ્યા પછી વાસ્તવમાં વ્યક્તિ ઊંચે ઊઠે છે. પ્રેમમાં વ્યક્તિ ઉત્થાન પામે છે. પ્રેમ ક્યારેય પતન તરફ દોરી જનાર કડી ન હોઈ શકે. પ્રેમ રૂપી પારસમણી કથીરને કંચન બનાવે છે. પ્રેમ એ જીવનનું દાન છે... આયુષ્યમાં જીવન ભરનાર છે. પ્રેમ રહિત જીવન કરતાં પ્રેમથી ભરેલું મૃત્યુ સાર્થક થઈ જાય છે.

હવે પ્રેમની તાસીર બદલાતી જોવા મળી રહી છે. જાણે-અજાણે વ્યક્તિના પ્રેમનો પાયો જરૂરિયાત સાથે સંકળાયો છે. બાલ્યાવસ્થા થી શરૂ કરીને જીવન પર્યંત એ અલગ-અલગ ક્ષેત્ર અને વર્તુળમાં આ જરૂરિયાત આધારિત પ્રેમ શોધતો રહે છે...થાકે છે...એનો અહમ્ ઘવાય છે, એ સ્થિતીમાં દુનિયાને ગેરલાયક ઠેરવીને જાતને વિમુખ કરતો જાય છે. અતે હતાશા, પામે છે.

હમણાં જ એક મનોવૈજ્ઞાનિક તારણમાં વાંચવા મળ્યું કે આજના યુવાઓને સેક્સ વિશેની બધી સમજ છે. પરંતુ તેઓ બ્રેકઅપમાં જીવન કેવી રીતે ટકાવવું એ માર્ગદર્શન ઈચ્છે છે. અત્યારના સમયનો આ આઘાતજનક ચિતાર છે. જે ખૂબ જીવલેણ છે. ઘણા બધા કારણો ઉપરાંત આમાં પ્રેમની સમજનો અભાવ મુખ્ય ભાગ ભજવે છે. પ્રેમ એ પરસ્પરનો એવો સ્વીકાર છે જેમાં કોઈ શરત કે અપેક્ષાને સ્થાન નથી હોતું...સાચા પ્રેમનો દાવો કરનારની સહનશીલતા ની પરીક્ષા છે. ધીરજની કસોટી છે. દરિયાની જેમ પ્રેમમાં ભરતી-ઓટ જાણે સામાન્ય થઈ ગયું છે. સમજી શકાય કે આ માનવ મનની મથરાવટી જ કંઈક એવી ઘડાઈ છે અને એમાં ફિલ્મોએ પોતાના ધંધાર્થે, પરોક્ષ રીતે માનવ મનમાં તૈયાર નિષ્કર્ષો રોપી દીધા છે. 'આમ થાય એટલે પછી આમ થાય' એવા અનેક તૈયાર સમાધાનો માણસ અનુસરીને પોતાની કિંમતી અસ્કયામત, ' પ્રેમ 'ને ગુમાવી બેસે છે. સમજણ પર ચડેલી ધૂળ ઊડે તો સમજાય કે પ્રેમ એ સ્થાયીભાવ છે...એ એકવાર પ્રસ્થાપિત થાય ત્યાં મંદિર જ બનવું જોઈએ. પ્રેમ સાંસારિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે સેતુરૂપ છે. એમાં

નિરાકાર-નિર્મળ-નિશ્ચચલ પ્રેમ પ્રભુનો પર્યાય છે

બીજા કોઈ વિચારને સ્થાન ન હોઈ શકે. બીજા વિચારને જ્યાં અવકાશ છે ત્યાં એ પ્રેમનો અનાદર છે. જાત પરના સંયમનો અભાવ છે. ભારો ભાર બાલિશતા છે.

આજનો યુવા બહારથી ભલે ખુશખુશાલ અને રંગીન મિજાજી વર્તાય...પરંતુ હૃદયમાં આવી કેટલીય કસક સાથે લઈને જીવે છે. પ્રેમ કરતાં પહેલાં એ ' બ્રેક-અપ ' માટે જાતને તૈયાર કરે છે. આ ખૂબ ચિંતાજનક સ્થિતી છે...સમાજમાં દૂષણ પ્રસરાવનાર આ મનોસ્થિતીથી યુવાધન વેડફાઈ જવાની પૂરી શક્યતા રહેલી છે. વ્યસન અને વિકૃતિ તરફ દોરી જનાર નવીસવી આ ' બ્રેક-અપ ' ની પ્રણાલીને ફિલ્મોમાં ઉજવણી સ્વરૂપે બતાવાય છે. આ સમાજનો રકાસ દર્શાવે છે. તંદુરસ્ત સમાજ, પવિત્ર-સ્પષ્ટ અને વફાદારી ભર્યા પ્રેમના પાયા પર જ રચાઇ શકે છે. વ્યક્તિને અંદરથી ખોખલા કરી નાંખનાર વ્યસનોની જેમ આ બ્રેક-અપની બદી સમાજને ભરખી રહી છે. આ દિશામાં જાગૃતતાની ખૂબ જરૂર છે. હૃદયમાં શાંતિ અને ઢાઢસ હશે તો જ અન્ય વાતો પર મન કેન્દ્રિત થશે...પ્રગતિ થશે...પ્રેમ કચારેય ઓસરી ન શકે...દિન પ્રતિદિન એમાં વૃધ્ધિ જ હોય...આપતાં-આપતાં વધે એવી આ એકમાત્ર ચીજ પ્રભુના આશીર્વાદ સમાન છે...કુબેરનો ભંડાર અને અક્ષયપાત્ર સમાન છે. પ્રેમના ચિંતન અને સીંચન થકી આપણે પોતાના અને અન્યના જીવનને લીલુંછમ બનાવીએ એજ સાચી પ્રેમની વ્યાખ્યા છે. આજના દિવસે સહુ શુભેચ્છકો...વાંચકોને મમતાભર્યા નમસ્કાર.

ખોટું ન લાગે તો એક વાત કહું
હું થોડા દિવસ હવે તારામાં રહું ?
કામમાં હશે તો હું વાત નહીં માંડુ
મૌનમાંયે કોઇ દી ના છાંટા ઉડાડું
સમણાંનો કાચદોય હાથમાં ન લઉં...
કોણ જાણે હિમશી એકલતા જામી
યેદો કહે છે : હૂંફની છે ખામી
કહે છે તારામાં લાગણી છે બહું...
રોજ એક ઇચ્છા જો સામે મળે છે
આંખોમાં ભીનું થે નામ ટળવળે છે
તારામાં તારાથી આગળ નહીં જાઉં...
- મુકેશ જોષી

મને શબ્દોનાં ફૂલો ગમતાં નથી

મનના ઉમંગો

રણછોડ પરમાર

ફૂલોની વાત કરીએ એટલે જાતજાતની અને ભાતભાતની વાતો આવે. સુગંધની વાતો આવે, ભમરા અને મધમાખીની વાતો આવે, માળીની વાતો આવે, પેમીઓની વાતો આવે, કેવળ વિસ્મયથી ચૂંટી અને પળમાં એકએક પાંખડી તોડીને મસળી નાખતા બાળકની વાતો આવે, ગળામાં પહેરાતા હારની વાતો આવે, માથામાં શોભતી વેણીની વાતો આવે, મધુરજની ટાણે પથારીમાં સજાવેલાં ફૂલોની વાતો આવે, કાંડે ગજરો બાંધી રૂપલલનાઓ પાસે જતા રંગરસિયાઓની વાતો આવે, કવિતાનું પુસ્તક વાંચતાં વાંચતાં તેમાંથી સરકી પડતા કોઈ સૂકા ફૂલની વાત આવે, પ્રભુની વાતો આવે , પૂજાની વાતો આવે , છેલ્લે કબર પર કે નનામી પર મૂકાતા ફૂલોની વાતો આવે, સ્વભાવે સખ્ત બોસની સામે ટેબલ પરની ફૂલદાનીમાં ગોઠવાતાં ફૂલોની વાતો આવે, કાગળ, મખમલ કે પ્લાસ્ટિકના બનાવટી ફૂલોની વાતો આવે, કેટકેટલી વાતો આવે છતાંયે ફૂલોની પૂરેપૂરી વાત ના થઈ શકે. આટલી બધી વાત આવે ત્યારે કવિની કવિતામાં ખીલતાં શબ્દોનાં ફૂલોની વાત પણ આવે જ ને ? શબ્દોના ફૂલો વગર કવિતા બનેય ખરી ? ત્યારે કોઈ કવિ એમ કહે કે મને શબ્દોના ફૂલો ગમતાં નથી તો આપણે એની વાત કેવી રીતે માનીએ ?

અસલમાં તો હું કેસૂડાના ફૂલો અંગેનો લેખ લખવા માંગતો હતો. કારણ કે ગયા રવિવારે (તા-૯/૦૨/૨૦૧૯) ગાંધીનગર સાહિત્ય સભામાં વસંતઋતુનાં કાવ્યો રજૂ કરવાનો કાર્યક્રમ હતો.સભામાં હાજર રહેલા સભ્યોએ નોખી અનોખી સુંદર કવિતાઓ રજૂ કરી હશે. કેટલાકે લલકારી પણ હશે. કોઈ વળી અત્યારથી પોતાની કવિતામાં ગુલમહોર,ગરમાળા અને મોગરાના ફૂલો ખી